# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web :-www.suratdeo.org


જા.નં.મા-૨/૨૦૨૬/10617

તા.6 /૦૮/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક,અને માધ્યમિક શાળાઓ, તમામ,

સુરત, જિ.સુરત

વિષય:- "Swachh Evam Harit Vidyalaya Rating (SHVR) 2026-27" કાર્યક્રમમાં ભાગ લેવા બાબત.

સંદર્ભ:- (1)સમગ્ર શિક્ષા, ગાંધીનગરના પત્ર ક્રમાંક: SSG/0007/08/2026 ના પત્ર અન્વયે તા.04/08/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જિલ્લાની તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી શાળાઓને જણાવવાનું કે શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સ્વચ્છ અને હરિત શાળા સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે Swachh Evam Harit Vidhyalaya Rating (SHVR) 2026-27 કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ શાળાઓનું સ્વચ્છતા, પીવાનું પાણી, શૌચાલય, હાથ ધોવાની સુવિધા, જાળવણી, વર્તન પરિવર્તન તથા પર્યાવરણ સંરક્ષણ (Mission LiFE) જેવા વિવિધ માપદંડોના આધારે મૂલ્યાંકન કરવામાં આવશે.

આથી તમામ શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે તેઓ SHVR 2026-27 કાર્યક્રમમાં નિયત સમયમર્યાદામાં નોંધણી કરી જરૂરી વિગતો ઓનલાઈન ભરી, માંગવામાં આવેલ માહિતી અને પુરાવાઓ અપલોડ કરી કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લેવાનો રહેશે.

શાળાઓએ તમામ સ્વચ્છતા અને હરિત પહેલોનું યોગ્ય દસ્તાવેજીકરણ રાખવું તેમજ વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળા વ્યવસ્થાપન સમિતિ અને વાલીઓની સહભાગિતા સુનિશ્ચિત કરવી. આ કાર્યક્રમ અંગેની વિગતવાર માર્ગદર્શિકા તથા સમયપત્રક શિક્ષણ વિભાગ/સંબંધિત સત્તાધિકારી દ્વારા પ્રસિદ્ધ સૂચનાઓ મુજબ પાલન કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

જિલ્લા: તમામ

પ્રતિ,

જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરશ્રી અને

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા-તમામ

શાસનાધિકારીશ્રી- તમામ

વિષય- "***Swachh Evam Harit Vidyalaya* Rating (SHVR) 2026–27**" કાર્યક્રમમાં ભાગ લેવા બાબત

સંદર્ભ - **(1)MoE,** ભારત સરકારના તા-૧૫.૦૭.૨૦૨૬ના અને તા-૨૪.૦૭.૨૦૨૬ના પત્ર અન્વયે

(2)માન.એસપીડીશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે ભારત સરકારના શિક્ષા મંત્રાલય, નવી દિલ્હી દ્વારા દેશની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ(સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી તેમજ અન્ય તમામ પ્રકારની) માટે "***Swachh Evam Harit Vidyalaya* Rating (SHVR) 2026–27**" કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. ભારત સરકારના શિક્ષણ વિભાગનો આ ખૂબ જ મહત્વનો કાર્યક્રમ છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાઓને **clean, green, inclusive, safe, and sustainable learning environments**થી અવગત કરવાનો છે. NEP-2020માં દર્શાવ્યા મુજબ શાળાઓમાં **behavioural transformation, environmental sustainability, and climate resilience** જેવી વિવિધ બાબતોનો આ કાર્યક્રમમાં સમાવેશ કરેલ છે. આ કાર્યક્રમમાં પાણી, શૌચાલય, સાબુ સાથે હાથ ધોવા, કામગીરી અને જાળવણી, વર્તન પરિવર્તન અને ક્ષમતાવિકાસ તેમજ **Mission LiFE** પ્રવૃત્તિઓ (energy conservation, recycling, eco-club) વગેરે જેવા મુખ્ય ૬(છ) ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

**SHVR 2026–27** કાર્યક્રમમાં રાજ્યની યુ-ડાયસ પ્લસ ધરાવતી તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ(સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી તેમજ અન્ય તમામ પ્રકારની) જોડાઈ શકશે. આ કાર્યક્રમમાં શાળાઓ દ્વારા પોતાનું રજીસ્ટ્રેશન અને સ્વ-મૂલ્યાંકન કરવા માટે ભારત સરકારના શિક્ષણ વિભાગના વેબપોર્ટલ https://shvr.education.gov.in અથવા **Swachh Evam Harit Vidyalay Rating 2026–27** એપ મારફત <u>તા-૦૧.૦૮.૨૦૨૬થી શાળાના યુ-ડાયસ પ્લસ કોડથી લોગીન કરી શાળાએ પોતાની માહિતી</u> ભરવાની રહેશે. ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓનું રજીસ્ટ્રેશન અને સ્વ-મૂલ્યાંકન કરવાની માટેની મુદ્દત સંભવિત તા-૩૦.૦૯.૨૦૨૬ સુધી રાખવામાં આવેલ છે.

**SHVR 2026–27** કાર્યક્રમ અંતર્ગત શાળાઓ દ્વારા સ્વ-મૂલ્યાંકન કરવા માટે કુલ ૬૦ પ્રશ્નો નક્કી કરવામાં આવેલ છે. જેમાં કુલ ૬(છ) કેટેગરીના વિવિધ પ્રશ્નોની માહિતી આધારિત કુલ ૧૨૦ જેટલો સ્કોર(ગુણ) નક્કી કરવામાં આવેલ છે. જેમાં પાણીનાં ૨૨, શૌચાલયના ૨૭, હેન્ડવોશના ૧૪, સંચાલન અને જાળવણીના ૨૧, વર્તન પરિવર્તન તથા સશક્તિકરણના ૨૦ અને મિશન લાઈફની પ્રવૃત્તિઓના ૧૬ જેટલા પ્રશ્નોની માહિતી ભરવાથી શાળાઓને (૯૦-૧૦૦ ફાઈવ સ્ટાર, ૭૫ થી ૮૯ ફોર સ્ટાર, ૫૧ થી ૭૪ થ્રી સ્ટાર, ૩૫ થી ૫૦ ટુ સ્ટાર અને ૩૫ થી નીચેના માટે વન સ્ટાર) સ્ટાર રેટિંગ પ્રાપ્ત થશે. પસંદ થયેલ શાળાઓને કેટેગરી મુજબ જિલ્લા કક્ષાએ, રાજ્ય કક્ષાએ તેમજ રાષ્ટ્રીય કક્ષાએ સન્માનિત કરવામાં પણ આવશે. શાળાઓ દ્વારા થયેલ સ્વ-મૂલ્યાંકન પ્રક્રિયાનું જિલ્લા સ્તરે , રાજ્ય કક્ષાની કમિટી દ્વારા તેમજ રાષ્ટ્રીય કક્ષાએથી ક્રોસ વેરિફિકેશન કરવામાં આવશે. શાળાઓ દ્વારા રજીસ્ટ્રેશન અને

સ્વ-મૂલ્યાંકન કરવા માટેની સંપૂર્ણ સમજ માટેની માર્ગદર્શિકા(PDF) આ સાથે સામેલ છે. **SHVR 2026–27** કાર્યક્રમ અંગેના બ્રોશર, બુકમાર્ક તેમજ માર્ગદર્શિકા સહિતની તમામ પ્રકારની માહિતી https://shvr.education.gov.in/resources પોર્ટલ પર ઉપલબ્ધ છે.

ઉક્ત બાબત ધ્યાને લઇ આપના જિલ્લાની યુ-ડાયસ પ્લસ ધરાવતી તમામ પ્રકારની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને (સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી તેમજ અન્ય તમામ) "***Swachh Evam Harit Vidyalaya* Rating (SHVR) 2026–27**" કાર્યક્રમમાં ભાગ લેવા માટે આપની કક્ષાએથી જાણ કરશો.

(શિલ્પા પટેલ)

સચિવ

સ્ટેટ પ્રોજેક્ટ ઑફીસ

સમગ્ર શિક્ષા, ગાંધીનગર

<u>બીડાણ</u>- ૧.સંદર્ભદર્શિત પત્ર

૨.**SHVR 2026–27** અંતર્ગત રજીસ્ટ્રેશન અને સ્વ-મૂલ્યાંકન કરવા માટેની માર્ગદર્શિકા, બ્રોશર અને બુકમાર્કની સોફ્ટ કોપી

**<u>નકલ સવિનય રવાના:</u>**

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એડી.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી